**<u>નડીઆદના મહે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નડીઆદ</u>**

ક્રિ.કેસ નં.૧૭૭૯/૨૦૨૬
આંકઃ–૦૫

**ફરિયાદીઃ**–શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપીઃ**–ધર્મેશભાઇ નરેશભાઇ પરમાર

**<u>ગુનોઃ–જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) મુજબ.</u>**

**<u>//હુકમ//</u>**

(૧) હાલના આરોપી ઉપર ચાર્જશીટમાં જણાવ્યા મુજબના ગુન્હાનો આક્ષેપ છે.

(૨) હાલના ગુન્હાના કામે આરોપીએ પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપી અલગથી કબુલાત પુરસીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઇ ધ્યાને લેતા, હાલના ગુન્હાના કામે આરોપી દ્વારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપતા હોય ઓછો દંડ અને સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઇ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:આખરી હુકમ:–</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે જી.પી.એક્ટ કલમ–૧૩૫(૧) મુજબ તકસીરવાન ઠરાવી શિક્ષાપાત્ર ગુન્હાની જોગવાઇ અન્વયે આરોપીને રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી જો દંડ ભરવામાં કસુર કરે તો દિન–૦૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હાલનો કેસ લોક અદાલતમાં ફેંસલ કર્યો.

તા. ૧૪ / ૦૩ / ૨૦૨૬
મુ.નડીઆદ

**(જયકાંત પરસોત્તમદાસ પરમાર)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નડીઆદ.
**{Code No.GJ01017}**